## લોક સુનાવણી

જમીન સંપાદન, પુનઃસ્થાપન, અને પુનર્વસવાટ માં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ અન્વયે સરકારશ્રીના મહેસુલ વિભાગ, સિલવાસા ના જાહેરનામા ક્રમાક: LAQ/HLB/Ch-Su-Road/12/2018/677 દ્વારા જાહેર ચિખાલી-સુરંગી માર્ગ સાથે ઉચ્ચ સ્તરના બ્રિજ માટેનો માર્ગ બનાવવા માટે દપાડા ગામમાં જમીન સંપાદન જમીનનું કાયમી સંપાદન માટેની અધિનિયમની કલમ ૮ મુજબ ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) ગાંધીનગર ની સામાજિક જૂથ દ્વારા તૈયાર કરવામાં આવેલ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ માટેની લોક સુનાવણી નીચે મુજબ રાખવામાં આવેલ છે.

**સ્થળ:** દપાડા પંચાયત, દપાડા

**સમય અને તારીખ:તા.21.01.2019 બપોર 11:00 કલાકે**

જેમાં ગામના રહીશો તથા અસરગ્રસ્ત પરિવારો, જમીન ખાતેદારો તથા લાગતા વળગતા તમામ લોકોએ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.
ગેમી ની સામાજિક જૂથ દ્વારા તૈયાર કરવામાં આવેલ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ નીચે જણાવેલ કચેરીઓ પરથી જોઇ શકાશે.

૧.કલેકટરશ્રી, કલેકટરશ્રી ની કચેરી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
૨.નિવાસી નાયબ કલેક્ટર (ખાનવેલ), કલેકટરશ્રી ની કચેરી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
3.મામલતદારશ્રી, મામલતદારશ્રીની કચેરી, ખાનવેલ, દાદરા અને નગર હવેલી
૪.દપાડા ગ્રામપંચાયત, દપાડા, દાદરા અને નગર હવેલી

વધુમાં સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ વેબસાઇટ *dnh.nic.in* પરથી નિહાળી શકાશે.

દપાડા ગામના રહીશો તથા લાગતા વળગતા તમામ લોકોએ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ બાબતે આપના મંતવ્યો ઉપર જણાવેલ કચેરીઓને લેખિત મોકલી આપવા. જેથી તેનો લોક સુનાવણીમાં સમાવેશ કરી શકાય.

Sd/-
નિવાસી નાયબ કલેક્ટર (એસ), સિલવાસા, દાદરા અને નગર હવેલી

No. LAQ/HLB/Ch-Su-Road/12/2018/40/2019
Dated: 16.01.2019.